ગુજરાતમિત્ર
શો ટાઈમ
ગુરુવાર ૭ નવેમ્બર, ૨૦૨૪



# વૅલકમ ટુ ધ "સૈફ" ઝોન!

ધણા માનતા હતા કે સૈફ અલી ખાનની કારકિર્દી તો પૂરી થઇ ગઇ પણ જેમ અમિતાભ બચ્ચનની કારકિર્દી પૂરી થઇ ગઇ એવી કલ્પના કરવી ખોટી છે તેવું સૈફ પણ પુરવાર કરી રહ્યો છે. વધુ સાચું કહેવું હોય તો એવું પણ ઉમેરી શકો કે કરીના સાથેના મેરેજ પછી તેની કારકિર્દી વધારે સ્થિર રીતે ગતિમાં છે. બસ, એટલું જ કે તે હવે પોતાના વિશે કોઇ પ્રચાર નથી કરતો. હવે તેને ફિલ્મો મેળવવા માટે એવા પ્રચારની જરૂર પણ નથી. હા, તે આટલી લાંબી કારકિર્દીવાળો થશે તે કોઇએ ધાર્યું ન હશે. 1993ની 'પરંપરા'માં તેને યશ ચોપરાએ તક આપી તે વર્ષે જ 'આશિક આવારા'માં તે મમતા કુલકર્ણી સાથે, 'પહેચાન'માં શિલ્પા શિરોડકર ને સુનિલ શેટ્ટી સાથે તેની ફિલ્મો આવેલી. એટલે કે તેની કારકિર્દી ત્રણ દાયકા પૂરી કરી ચૂકી છે. 'યે દિલ્લગી'માં અક્ષય કુમાર, કાજોલ સાથે આવ્યો અને તરત એ જ અક્ષય સાથે 'મેં ખિલાડી તું અનાડી' આવ્યો પછી એ બંનેની જોડી ઘણાં વર્ષ ચાલી. પણ સૈફે તે દરમ્યાન પણ એકલ હીરો તરીકે કારકિર્દી આગળ વધારી જ હતી. સૈફ અલી ખાન હીરો તરીકે જગ્યા ઇચ્છતો હતો ત્યારે અક્ષય, અજય, સલમાન, શાહરૂખ, આમરી ઋતિક વગેરે એટલા સફળ થતા ગયા કે તે પણ એક 'ખાન' હતો છતાં અલગ થઇ ગયો. પરંતુ કયારેય બહાર નથી થયો એટલે 'હમ સાથ સાથ હૈ', 'કયા કહેના', 'દિલ ચાહતા હૈ', 'ના તુમ જાનો ના હમ', 'કલ હો ના હો', 'એલઓસી કારગીલ', 'હમતુમ', 'પરિણીતા', 'ઓમકારા' 'રેસ', 'લવ આજકલ' વગેરેથી તે મજબૂતી સાથે એક જગ્યા કરીને ઊભો રહ્યો. 'કોકટેલ', 'રેસ2', 'ગો ગોવા ગોન', 'રંગૂન' જેવી ફિલ્મોએ તે ન । વજૂદને ટકાવ્યું. જયારે તેને વજૂદ જોખમાતું લાગ્યું ત્યારે 'સેક્રેડ ગેમ્સ', 'તાંડવ' જેવી વેબસિરીઝમાં પણ કામ કરી લીધું. આઉટ ઓફ ટ્રેક તે ગયો જ નહીં એટલે બંટી ઔર બબલી -2, 'વિક્રમ વિધા', 'આદિ પુરુષ' પછી હમણાં 'દેવારા પાર્ટ-1 આવી હતી જેમાં તે ભૈરા તરીકે હતો. 'આદિપુરુષ'માં પણ લંકેશ હતો. 2012માં કરીના કપૂર સાથે લગ્ન થયા ત્યારે લાગતું હતું કે કરીનાએ જેટલું સૈફને પરણવું છે એટલું સૈફે કરીનાને પરણવું નથી. તેને બીજી સ્ત્રીઓ ગમતી રહી છે એટલે મેરેજ કમિટમેન્ટથી ભાગતો હતો. પણ અમૃત સાથેનાં લગ્નથી થયેલા સારા અને ઇબ્રાહીમ તો હતા અને કરીનાથી તેને બે દીકરા તૈમુર (7 વર્ષ) અને (3 વર્ષ) છે. સૈફ પહેલાં કરતાં વધુ મેરચોર પતિ, પિતા લાગી રહ્યો છે. તે હવે 54 વર્ષનોય થયો છે. કરીના ફિલ્મોમાં કામ કરે છે તો સૈફ પણ ચરિત્ર અભિનેતાના રસ્તે આગળ વધવાને બદલે વિલનનાં રસ્તે ઊભો છે. હમણાં તે આઠેક ફિલ્મનાં શૂટિંગમાં વ્યસ્ત છે. 'કિલક શંકર', 'જવેલથીફ', શૂટઆઉટ એટ ભાયખલા', 'રેસ-4', 'દેવારા-2', 'ગો ગોવા ગોન-2' અને પ્રિયદર્શનની ફિલ્મ સૈફની સાઉથની ફિલ્મોમાં ડિમાંડ છે. હવે તમે જ કહો તેને ભૂલી ગયેલો ગણવા જાઓ તો ચાલે? અરે, સલમાન, શાહરૂખ પાસે એક-એક ફિલ્મ છે ને તેનાથી આઠ ગણી વધારે સૈફ પાસે છે. આ માટે તે પોતાનો ને કરીનાનો આભાર માનતો હશે. ●

> **1993ની 'પરંપરા'માં તેને યશ ચોપરાએ તક આપી તે વર્ષે જ 'આશિક આવારા'માં તે મમતા કુલકર્ણી સાથે, 'પહેચાન'માં શિલ્પા શિરોડકર ને સુનિલ શેટ્ટી સાથે તેની ફિલ્મો આવેલી. એટલે કે તેની કારિકર્દી ત્રણ દાયકા પૂરી કરી ચૂકી છે**



સ્ટાર દમ

# જૅક્લીનને મળી ક્લીનચીટ

જેકલીન ફર્નાન્ડિસનો બોયકોટ થવો જોઈતો હતો પણ નથી થયો. ફિલ્મ સર્કલમાં અનેક સ્ટાર્સ મારવા અપરાધી લોરેન્સ બિશ્નોઇના માણસો ફરે છે અને સલમાને સખ્ત પહેરા વચ્ચે શૂટિંગ શરૂ કરવું પડે છે. તે હવે વધુ બહાર પણ નીકળી શકતો નથી. દિલીપકુમારને પણ હાજી મસ્તાન સાથે સારા સંબંધ હતા અને દાઉદ ઈબ્રાહીમે તો અનેક સ્ટાર્સને પોતાની ઈચ્છા મુજબ નચાવ્યા છે. ફિલ્મના ધંધાને ઉદ્યોગપતિ અને અપરાધી તત્ત્વો વિના ન ચાલી શકે. કેટલીક હીરોઈનો અપરાધ જગતનાં લોકોની રખાત રહી ચૂકી છે. એમાં એક જેકલીન ફર્નાન્ડીસ હોય તો ફિલ્મજગતને બહુ વાંધો ન આવે.' સુકેશુ ચન્દ્રશેખર જેવા સાથે તે મની લોન્ડ્રીંગ કેસમાં ફસાયેલી હોય તો ફિલ્મવાળા તેને પોતાની ફિલ્મમાં ન લે એવું કાંઇ નથી. 2022ના 26 સપ્ટેમ્બરનાં અદાલતે તેની 50,000 હજારના બોન્ડ પર જામીન આપી છે. તે હવે ફરી ફિલ્મોમાં કામ કરે છે. છેલ્લા વર્ષમાં તેની કોઇ ફિલ્મ બોકસ ઓફિસ પર ધાડ નથી મારી અને સલમાન ખાન સાથેના સંબંધ પણ પૂરા થઇ ગયા છે. સલમાનનું તો છે જ એવું, ગમે તેટલો વખત જે તે અભિનેત્રી સાથે મોજ કરે અને પછી છોડી દે.ઐશ્વર્યા પછી કેટરીના અને કેટરીના પછી જેકલીન. સલમાન સાથે સંબંધ રાખનારી બધી અભિનેત્રી જાણે છે કે સલમાન કેટલા સાથે સંબંધમાં રહ્યો છે પણ તેમને વાંધો નથી હોતો. 'કામ'ના સંબંધો એવા જ હોય. જેકલીન કોઇ ગ્રેટ એકટ્રેસ છે પણ નહીં અને મુંબઇના ફિલ્મજગતમાં ટકી રહેવા અમુક સ્ટાર્સનો કયા નિર્માતા કયા દિગ્દર્શકનો આધાર લેવાનો જ હતો. સલમાન આ બધું જાણે છે અને તેને એવો વાંધો નથી. બાકી જેને હિન્દી બોલવાનાં ય ફાંફા અને ભારતીય સૌંદર્ય પણ નહીં તે ટકે કઇ રીતે? શ્રીલંકાની આ અભિનેત્રી પાસે અત્યારે આઠ ફિલ્મો છે એનો અર્થ એ કે તેનું બધું મસ્ત રીતે ચાલી રહ્યું છે. સોનુ સુદે દિગ્દર્શક તરીકેની કારકિર્દી આરંભતી પહેલી જ ફિલ્મ 'ફતેહ'માં સોનુ સાથે જેકલીન છે. આ ફિલ્મ બે મહિના રહીને 10મી જાન્યુઆરીએ રજૂ થવાની છે. સોનુ સુદે હીરો તરીકે કારકિર્દી જમાવવી છે અને જેકલીન તેની હીરોઇન છે. કરો ફત્તેહ! જેકલીનની વેલકમ ટુ જંગલ તો આ 20મી ડિસેમ્બરે જ રજૂ થવાની છે અને તેમાં તે અક્ષય કુમાર દિશા પટની સાથે છે. સિદ્ધાર્થ આનંદ જેવા દિગ્દર્શકની ફિલ્મમાં તે સિદ્ધાર્થ મલ્હોત્રાની હીરોઇન છે. તો 'વન વે'માં તે ઝાયેદ ખાન સાથે આવે છે. અરે, તેની પાસે તો હજુ ય સલમાનથી છુટી સુકેશુ યા કોઈ બીજા સાથે પરણી જશે. અત્યારે કારકિર્દી જેટલી આગળ વધે તેટલી વધવા દો. ફિલ્મજગતમાં ટકી રહેવાનું આવડે તો અભિનેત્રીઓ ટકી જાય છે. જેકલીન પાસે ટકી રહેવાની આવડત છે એટલે તે ફિલ્મોમાં છે. ●

લાઈમ લાઈટ



**મુંબઇમાં તુલુ બોલતાં કુટુંબમાં જન્મેલી પૂજા મૂળ કર્ણાટકના ઉડીપીની છે. તે મસ્ત રીતે તુલુ બોલે, હિન્દી તોલે, મરાઠી બોલે અને ઇગ્લિશ બોલે સમજો કે બધી રીતે તૈયાર છે પણ હમણાં તેલુગુ -તમિલ ફિલ્મોમાં જ વધારે કામ કરે છે**

# બોલિવુડની 'પૂજા' અધુરી કેમ?

ગ્લેમર

પૂજા હેગડેનાં નામમાં 'પૂજા' છે પણ લાગે છે કે અધૂરી છે બાકી તે એક સોરી અભિનેત્રી છે યંગ છે બ્યુટીફુલ છે તો પણ હિન્દીમાં ઓછી સાઉથની ઝાઝી ફિલ્મ કેમ કરવી પડે છે?

હિન્દી ફિલ્મોવાળાઓને તે 'મોહેં જો દરો' યુગ જેટલી જૂની કે લાગે છે? થા છે કે એક ખોટી શરૂઆતનું નુકશાન તે આજ સુધી ભરી રહી છે. અલબત્ત તેણે કારકિર્દીની શરૂઆત સાઉથની ફિલ્મથી જ કરી હતી અને ત્યાંના કામના આધારે આશુતોષ ગોવારીકર તેની અત્યંત મહત્વાકાંક્ષી ફિલ્મમાં ઋતિક રોશન સાથે પૂજાને હીરોઇન બનાવી હતી. મહત્વાકાંક્ષી ફિલ્મો નિષ્ફળ જાય તો ઘણાને નુકશના થતા હોય છે કારણ કે તે ફિલ્મમાં કાંઇ જબરદસ્ત કરી દેખાડશે. એવી આશા હોય અને બને તેનાથી ઉલટું પૂજા યું હી માર ખાય ગઇ અને ત્યાર પછી તેનો મેળ પડતો નથી તો નથી પડતો. હમણાં 13 ઓકટોબરે 34 વર્ષની થયેલ પૂજા 2010ની મિસ યુનિવર્સ ઈન્ડિયાની રનરઅપ રહેલી. મતલબ કે જરાક માટે ચુકી જવાનું તેના નસીબમાં છે. પણ તેથી તે પાછી પડે એવી ય નથી. મુંબઇમાં તુલુ બોલતાં કુટુંબમાં જન્મેલી પૂજા મૂળ કર્ણાટકના ઉડીપીની છે. તે મસ્ત રીતે તુલુ બોલે, હિન્દી તોલે, મરાઠી બોલે અને ઈંગ્લિશ બોલ. સમજો કે બધી રીતે તૈયાર છે પણ હમણાં તેલુંગુ -તમિલ ફિલ્મોમાં જ વધારે કામ કરે છે. હિન્દીની સમાંતરે તે આ ભાષાની ફિલ્મો સંભાળે છે અરે, 'મોહેં-જો-દરો' વખતે તેને મણી રત્નમની ફિલ્મ મળી રહી હતી પણ તેણે નકારી કાઢેલી પણ એવા અફસોસને હવે વિચારવાથી કાંઇ મળે તેમ નથી. હિન્દીમાં તે 'હાઉસફૂલ-4'માં આવી ત્યારે પહેલી ફિલ્મવાળો વટ ગુમાવી ચુકી હતી. જો કે પછી રોહિત શેટ્ટીએ તેને 'સરકસ'માં રણવીર સીંધ સાથે લીધી પણ એ ફિલ્મ તો રોહિતની એકમાત્ર નિષ્ફળ ફિલ્મમાં સ્થાન પામી ગઇ. ફિલ્મવાળાઓ તરત જ પૂજાને બાજુ પર કરી એ શક્ય હતું પણ સલમાનખાનની 'કિસી કી ભાઇ કિસી કી જાન' આવી અને તે તમિલ ભાષાની 'વીરઝા'ની રિમેક હતી. મૂળ ફિલ્મમાં તમન્ના ભાટિયા હતી ને આમાં પૂજા. પરંતુ આ ફિલ્મમાં પણ જાન નહોતી પૂજા વારંવાર ઉભી થવાના પ્રયત્નમાં વારંવાર પડી છે. પરંતુ પૂજા હજુ પણ ઉભી છે. તેની પાસે અત્યારે શાહીદ કપૂર સાથેની'દેવા' છે. જો 14મી ફેબ્રુઆરીએ રજૂ થવા માટે તૈયાર છે. તેની પાસે અહાન શેટ્ટી સાથેની 'સનકી' પણ છે આ બે ફિલ્મો કમાલ કરે છે કે નહીં તેની તે રાહ જોઇ રહી છે. બાકી સાઉથની બહુ મોટી ફિલ્મ 'થલપત્તી -69' છે. જેમાં જોસેફ વિજય અને બોબી દેઓલ છે. 'સૂરીયા 44' છે જેમાં સૂરીયા છે. પૂજાને અપેક્ષા છે કે સાઉથમાં મળતા પ્રેક્ષકો તેની હિન્દી ફિલ્મોને મળે. ફિલ્મ સ્ટાર્સની કારકિર્દી ગમે ત્યારે વધુ સારી કે વધુ ખરાબ બની શકતી હોય છે. પૂજા વધુ સારી કારકિર્દી આશા રાખે છે. કારણ કે તેણે તે માટે પૂરતી મહેનત કરી છે. ●



